

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 018
Dt.: 26-09-2025,
Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ટ્રમ્પના વહીવટીતંત્રની લોટરી સિસ્ટમના સ્થાને વેતન આધારિત પ્રણાલિ લાવવા યોજના

# એચ-૧બી વિઝા પછી લોટરી સિસ્ટમ પણ ખતમ કરવા ટ્રમ્પની કવાયત

### ભારત-અમેરિકા ૨૦૩૦ સુધીમાં તેમનો કારોબાર હાલના ૧૯૧ અબજ ડોલરથી વધારી ૫૦૦ અબજ ડોલરે લઈ જવાનું આયોજન ધરાવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે એચ-વનબી વિઝા માટે એક લાખ ડોલરની જંગી ફી લોન્ચ કરીને તેને સાવ મૃતઃપ્રાય જેવા કરી નાખ્યા પછી હવે લોટરી સિસ્ટમ પર નજર દોડાવી છે. ટ્રમ્પ તંત્ર હવે લોટરી સિસ્ટમથી આપવામાં આવતા વિઝાને પણ ખતમ કરવાની તૈયારી આદરી છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી વેઈટેડ સિલેકશન પ્રોસેસને આધાર બનાવવા માંગે છે અને લોટરી સિસ્ટમ રદ કરવા આતુર છે. ડીએચએસ વિભાગનું કહેવું છે કે તેમનું ધ્યેય તે સુનિશ્ચિત કરવાનું છે કે એચ-૧બી વિઝા હાયર સ્કિલ્ડ એલિયન માટે સુનિશ્ચિત કરવામાં આવે. તેની સાથે કંપનીઓને દરેક વેતન સ્તરના એચ-૧બી કામદારો માટે સલામત કરવાની તક પૂરી પાડવામાં આવે.

તેમની દરખાસ્ત મુજબ આ પસંદગી વેતનના સ્તરના આધારે થવી જોઈએ. તેમ ચાર વેતન સ્તરોમાં સૌથી વધુ વેતન ધરાવતા વર્કરને સિલકશન પૂલમાં ચાર એન્ટ્રી મળવી જોઈએ. તેનું વેતન ૧,૬૨,૫૨૮ ડોલર હશે. તેની પસંદગીની સંભાવના વધી જશે. જ્યારે આ વેતન સ્તરમાં સૌથી નીચે આવનારરને એક જ એન્ટ્રી મળશે. આને સરળ શબ્દોમાં સમજવું હોય તો એમ સમજી શકાય કે મેટામાં દોઢ લાખ ડોલરનો પગાર ઓફર થયો હોય તેવા એન્જિનિયરને પાસે મલ્ટીપલ લોટરી ઉપલબ્ધ હશે, તેની સ્ટાર્ટઅપનો જુનિયર ડેવલપર જેનો પગાર ૭૦,૦૦૦ ડોલર હશે તેને સંભવતઃ એક જ લોટરી મળશે. આનો સીધો અર્થ એમ કરી શકાય કે નાણા ચૂકવી શકવા સમર્થ ટોચની કંપનીઓ વધુ કુશળ અને કાબેલ કામદારો મેળવી શકશે. તેની સામે નાની કે સ્ટાર્ટઅપ કંપનીઓ ઓછા કુશળ કામદારો મેળવી શકશે. આના લીધે અમેરિકાના નાના ઉદ્યોગોને અને નાની કંપનીઓને ચોક્કસ મોટો ફટકો પડશે. આ પ્રકારની પ્રણાલિ ફક્ત મોટી કંપનીઓ માટે ફાયદાકારક છે.

જ્યારે નાની કંપનીઓએ તો રીતસર કારોબારમાંથી બહાર જ નીકળી જવી પડે તેવી સ્થિતિ આ કાયદો પસાર થવાના કારણે સર્જાઈ શકે છે. આના લીધે સીનિયર અને હાઈલી પેઈડ કામદારોને વધુ ઊંચુ વેતન તથા નવાને વધુ નીચું વેતન મળશે.

બીજા શબ્દોમાં કહીએ તા ટ્રમ્પનું આ પગલું સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમને મોટો ફટકો મારશે. આ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે ચાલતી મંત્રણા નવા જ સ્તરે પહોંચી ગઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. બંને દેશ વેપાર અને વેપાર ઉપરાંતની બાબતો પર પણ ચર્ચા કરી રહ્યા છે. ભારતના વેપાર અને વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલની આગેવાની હેઠળની ભારતીય ટીમ ત્યાં પહોંચી છે. બંનેના પ્રતિનિધિઓએ આખો દિવસ ટ્રેડ ડીલ અંગે ચર્ચા કરી હતી.




ચર્ચા ખૂબ જ સકારાત્મક વાતાવરણમાં થઈ રહી હોવાનું ગોયલે જણાવ્યું હતું. ટ્રમ્પે રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બદલ ભારત પર નાખેલા બીજા વધારાના ૨૫ ટકા ટેરિફ વચ્ચે આ વાત થઈ રહી છે. બંને દેશ ૨૦૩૦ સુધીમાં તેમનો કારોબાર હાલના ૧૯૧ અબજ ડોલરથી વધારી ૫૦૦ અબજ ડોલરે લઈ જવાનું આયોજન ધરાવે છે. ભારતીય ટીમ અમેરિકા ગઈ તે પહેલા અમેરિકાથી બ્રેન્ડન લિંચની આગેવાની હેઠળની ટીમ ભારત આવી હતી.

---

### અરાજકતા ફેલાવે તેવી સ્વતંત્રતા ન આપી શકાયઃ હાઈકોર્ટ

## સોશિયલ મીડિયાનું નિયમન જરૂરીઃ કર્ણાટક હાઈકોર્ટે મસ્કની કંપની 'X'ની અરજી ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ,

એલન મસ્કની માલિકીના સોશિયલ મીડિયા કંપની X કોર્પની અરજીને ફગાવી દેતા કર્ણાટક હાઈકોર્ટે બુધવારે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પરના કન્ટેન્ટનું નિયમન થવું જ જોઈએ. સોશિયલ મીડિયાને અરાજકતા તરફ દોરી જતી સ્વતંત્રતા આપી શકાય નહીં. ભારતીય બજારને એવું મેદાન ન બનાવી શકાય કે જ્યાં કાયદાનું ઉલ્લંઘન કરીને માહિતીનો ફેલાવો થાય.મસ્કની કંપનીએ ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ 79 (3)(b) હેઠળ કેન્દ્ર સરકારે સ્થાપેલા કન્ટેન્ટ રિમુવલ માટેના સહયોગ પોર્ટલ સામે અરજી કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 2024માં શરૂ કરેલ સહયોગ પોર્ટલ વાંધાજનક સામગ્રીને બ્લોક કરવાના આદેશોને ઝડપી બનાવે છે. તેનું સંચાલન ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) કરે છે.

એક્સ કોર્પ વતી સિનિયર એડવોકેટ કે જી રાઘવને અગાઉ હાઈકોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે કન્ટેન્ટને દૂર કરવાનો કોઈપણ IT એક્ટની કલમ 79(3)(b) હેઠળ નહી, પરંતુ કલમ 69A હેઠળ જારી કરવો જોઈએ.

મસ્કની કંપનીએ ઈન્ટરમેડિયરીઝ માટેના સહયોગ પોર્ટલ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો અને અગાઉની સુનાવણીમાં તેને સેન્સરશિપ પોર્ટલ ગણાવ્યું હતું.ડિજીપબ ન્યૂઝ ઈન્ડિયા ફાઉન્ડેશના વરિષ્ઠ વકીલ આદિત્ય સોંઢીએ જણાવ્યું હતું કે કન્ટેન્ટ દૂર કરવાના ઓર્ડર કામચલાઉ ધોરણે આપવામાં આવે, જેની જેની વાણી સ્વાતંત્ર્ય પર ગંભીર અસર થાય છે.કેન્દ્ર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ઓનલાઈન કન્ટેન્ટના નિયમન પર ભાર મૂકીને જણાવ્યું હતું કે X વાણી સ્વાતંર્ત્યના અધિકારનો અનુચીત લાભ લઈ શકે છે, કારણ કે તે એક વિદેશી કંપની છે. જસ્ટિસ એમ નાગપ્રસન્નાએ તેમના આદેશમાં જણાવ્યું હતું કે ભારતમાં કાર્યરત તમામ પ્લેટફોર્મ્સે સ્વીકારવું પડશે કે સ્વતંત્રતા જવાબદારી સાથે જોડાયેલી છે અરજદારનું પ્લેટફોર્મ (X Corp) યુએસએમાં તેના જન્મસ્થળ અમેરિકામાં ટેક ઈટ ડાઉન એક્ટ હેઠળ નિયમનકારી સિસ્ટમનું પાલન કરે છે, પરંતુ તે જ અરજદાર આ રાષ્ટ્રમાં સમાન ટેકડાઉન આદેશોનું પાલન કરવાનો ઈનકાર કરે છે. આ તમામ કારણોસર યોગ્યતાના અભાવે આ અરજી ફગાવી દેવામાં આવે છે.

---

### આર્યન ખાનની વેબ સીરિઝને લઈને વિવાદ

## સમીર વાનખેડેએ શાહરુખ ખાન વિરુદ્ધ દિલ્હી HCમાં કર્યો માનહાનિનો કેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

શાહરુખ ખાનના દીકરા આર્યન ખાન પોતાની નેટફ્લિક સીરિઝ ધ બેડ્સ ઑફ બોલિવૂડને લઈને વિવાદમાં આવી ગયા છે. સમીર વાનખેડેએ સીરિઝમાં પોતાની છબી ખરાબ દર્શાવવાને લઈને શાહરુખ ખાન, ગૌરી ખાન, નેટફ્લિક્સ ઈન્ડિયા અને રેડ ચિલીઝ વિરુદ્ધ માનહાનિનો કેસ નોંધાવ્યો છે. વાનખેડેએ શાહરુખના દીકરા આર્યન ખાનના દિગ્દર્શક હેઠળ બનેલી પહેલી ફિલ્મને ખોટા, દુર્ભાવનાપૂર્ણ અને બદનક્ષીભર્યું ગણાવી હતી. તેમણે દાવો કર્યો હતો કે આ સીરિઝ એન્ટી-ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સીઓનું ભ્રામક અને નકારાત્મક ચિત્રણ કરે છે, જેના કારણે કાયદા અમલીકરણ સંસ્થાઓમાં લોકોનો વિશ્વાસ ઓછો થાય છે.

વાનખેડેના વકીલ જતીન પરાશરે કહ્યું કે, સમીરનો આરોપ છે કે, આર્યન ખાનની પોતાની સીરિઝમાં તેના જેવા જ વ્યક્તિને દર્શાવાયા છે. શોમાં તેનું કેરેક્ટર એસેસિનેશન કરાયું. શોને લઈને સમીર વાનખેડે અને તેના પરિવારને અપશબ્દો કહેવા પડી રહ્યા છે. તેમને ભ્રષ્ટ ગણાવાઈ રહ્યા છે. તેવામાં આર્યનના શોના આ ભાગને ડિલીટ કરવામાં આવે.

---

### ઉત્તરાધિકાર કાયદા અંગે સુપ્રીમ કોર્ટનું નિવેદન

## 'હિંદુ સમાજમાં લગ્ન બાદ મહિલાનું ગૌત્ર બદલાઈ જાય'

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, 1956ની કલમ 15(1)(b)ને પડકારતી અરજીઓ પર સુનાવણી દરમિયાન હિન્દુ રીતિ-રિવાજો અને પરંપરાઓ પર મહત્ત્વની ટિપ્પણીઓ કરી હતી. આ કલમ 15(1)(b) મુજબ, જો કોઈ હિન્દુ મહિલાનું વસિયત કર્યા વિના અવસાન થાય અને તેના પતિ કે સંતાનો ન હોય, તો તેની સંપત્તિ તેના પતિના વારસદારોને મળે છે. જસ્ટિસ બી.વી. નાગરત્નાની અધ્યક્ષતાવાળી ખંડપીઠે જણાવ્યું કે, આ કાયદાકીય જોગવાઈની કાયદેસરતાની તપાસ કરતી વખતે અદાલતોએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે હિન્દુ સમાજ કઈ રીતે કાર્ય કરે છે.જસ્ટિસ નાગરત્નાએ ભારપૂર્વક જણાવ્યું, 'તમે દલીલ કરો તે પહેલાં યાદ રાખો. આ હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ છે. 'હિન્દુ'નો શું અર્થ છે અને સમાજ કઈ રીતે કાર્ય કરે છે, તે સમજવું જરૂરી છે. હિન્દુ સમાજમાં કન્યાદાનની પરંપરા છે. લગ્ન સમયે સ્ત્રીનું ગોત્ર બદલાય છે, નામ બદલાય છે અને તેની જવાબદારી પતિ અને તેના પરિવારની હોય છે.'ખંડપીઠે ભાર મૂક્યો કે, એકવાર લગ્ન થયા પછી, કાયદા હેઠળ મહિલાની જવાબદારી તેના પતિ અને તેના પરિવારની હોય છે. જસ્ટિસ નાગરત્નાએ કહ્યું, 'તે પોતાના માતા-પિતા કે ભાઈ-બહેનો પાસેથી ભરણપોષણની માંગ નહીં કરે. તે પોતાના ભાઈ વિરુદ્ધ ભરણપોષણ માટે અરજી દાખલ કરશે નહીં! તે ફક્ત પતિ અને તેની સંપત્તિ વિરુદ્ધ હોય છે. જો કોઈ



મહિલાને સંતાન ન હોય, તો તે હંમેશા વસિયત બનાવી શકે છે.'અરજદારોમાંથી એક વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી કે કલમ 15(1)(b) મનસ્વી છે કારણ કે તે મહિલાઓના ગૌરવને અસર કરે છે. તેમણે પૂછ્યું, 'જો કોઈ પુરુષ વસિયત વિના મૃત્યુ પામે, તો તેની સંપત્તિ તેના પરિવારને મળે છે. તો પછી કોઈ મહિલાની સંપત્તિ, તેના બાળકો પછી, ફક્ત તેના પતિના પરિવારને જ કેમ મળવી જોઈએ?' મેનકા ગુરુસ્વામીએ પણ જણાવ્યું કે આ પડકાર ધાર્મિક રીતિ-રિવાજોને નહીં, પરંતુ કાયદાની કાયદેસરતાને છે.જોકે, ખંડપીઠે ન્યાયિક હસ્તક્ષેપ દ્વારા સદીઓ જૂની પ્રથાઓને બદલવા સામે ચેતવણી આપી. કોર્ટે કહ્યું, 'કઠોર તથ્યોથી ખરાબ કાયદો ન બનવો જોઈએ. અમે નથી ઈચ્છતા કે હજારો વર્ષોથી ચાલી આવતી કોઈ વસ્તુ અમારા નિર્ણયથી તૂટી જાય.' અંતે, કોર્ટે આ મામલાને સુપ્રીમ કોર્ટ મધ્યસ્થતા કેન્દ્રમાં મોકલતા કહ્યું કે પક્ષકારોએ પરસ્પર સમાધાનના વિકલ્પો શોધવા જોઈએ, જ્યારે બંધારણીય મુદ્દાઓ પર વિચારણા ચાલુ રહેશે.

---

### દેશમાં મેડિકલ કોલેજો અપગ્રેડ કરાશે

## MBBS, PGની ૧૦,૦૦૦ સીટ વધારવાને કેબિનેટની મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં ડોક્ટરોની અછતને દૂર કરવા માટે કેન્દ્રીય કેબિનેટે બુધવારે 2028-2029ના નાણાકીય વર્ષ સુધીમાં મેડિકલ કોલેજોને અપગ્રેડ કરીને તેમાં સીટોની સંખ્યામાં 10,023નો વધારો કરવાની યોજનાને મંજૂરી આપી હતી. આ ઉપરાંત CSIRમાં રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (આર એન્ડ ડી)ને પ્રોત્સાહન આપવા માટે કેબિનેટે ડોક્ટરલ અને પોસ્ટ-ડોક્ટરલ ફેલોશિપ 2,277.397 કરોડની DSIR સ્કીમને પણ મંજૂરી આપી હતી.સરકારે જણાવ્યું હતું કે રૂ.15,034.50 કરોડના રોકાણ સાથેની આ પહેલથી 5,023 અંડરગ્રેજ્યુએટ (MBBS) અને 5,000 પોસ્ટગ્રેજ્યુએટ (PG) બેઠકોનું સર્જન થશે. આ યોજનાથી રાજ્ય અને કેન્દ્ર સરકારની હાલની મેડિકલ કોલેજો, સ્વતંત્ર પોસ્ટ-ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યૂટ અને સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરશે. આ યોજના દેશમાં ડોકટરો અને નિષ્ણાતોની ઉપલબ્ધતા વધારવામાં મદદ કરશે, જેનાથી પછાત વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ સુવિધામાં વધારો થશે.

ભારતમાં હાલમાં વિશ્વમાં સૌથી વધુ 808 મેડિકલ કોલેજો છે અને આ કોલેજોમાં વાર્ષિક 123,700 MBBS બેઠકોની પ્રવેશ ક્ષમતા છે.શિપબિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી માટે રૂ.69,725 કરોડના પેકેજને મંજૂરીઃ વિદેશી જહાજો પર નિર્ભરતામાં ઘટાડો કરવા કેન્દ્રીય કેબિનેટે શિપબિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી અને મેરિટાઈમ ઈકોસિસ્ટમને ફરી જોમવંતુ બનાવવા માટે રૂ.69,725ના પેકેજને મંજૂરી આપી હતી.

દેશની દરિયાઈ તાકાત પાછી મેળવવાની સરકારની યોજનાના ભાગરૂપે આ પેકેજને મંજૂરી અપાઈ છે. આ પેકેજ ચાર મુદ્દા આધારિત છે, જેમાં સ્થાનિક કેપેસિટીને મજબૂત કરવાની, લાંબા ગાળાના ફાઈનાન્સિંગમાં સુધારો કરવાની તથા ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ શિપયાર્ડના વિકાસને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. આ પેકેજ હેઠળ શિપબિલ્ડિંગ ફાઈનાન્સિયલ આસિસ્ટન્સરેલવેના 10.9 લાખ કર્મચારીઓને 78 દિવસનું દિવાળી બોનસ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ યોજાયેલી આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ રેલવેના 10.9 લાખ કર્મચારીઓ માટે 78 દિવસના વેતન જેટલું ઉત્પાદકતા આધારિત બોનસને મંજૂરી આપી હતી. આનાથી સરકારને રૂ.1,886 કરોડનો ખર્ચ થશે. દર વર્ષે દુર્ગા પૂજા અને દશેરાની રજાઓ પહેલાં રેલ્વે કર્મચારીઓને બોનસ ચૂકવવામાં આવે છે. આનાથી રેલવેના કર્મચારીઓને દિવાળી પહેલા મહત્તમ રૂ.17,951 બોનસ મળશે.

---

### ગુમલા પોલીસની ગુપ્ત માહિતીના આધારે માઓવાદીઓ સામે કાર્યવાહી

## ઝારખંડના ગુમલામાં સુરક્ષા દળોએ ત્રણ નક્સલવાદીઓને ઠાર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાંચી,

ઝારખંડના ગુમલા જિલ્લામાં બુધવારે સવારે સુરક્ષા દળોની સાથે બુધવારે સવારે થયેલી જૂથ અથડામણમાં એક પ્રતિબંધિત માઓવાદી સંગઠનના ઓછામાં ઓછા ત્રણ નક્સલવાદી ઠાર થયા છે.ઝારખંડ જગુઆર અને ગુમલા પોલીસ સહિત સુરક્ષા દળોની ઝારખંડ જનમુક્તિ પરિષદના માઓવાદીઓની વચ્ચે સવારે લગભગ આઠ કલાકે બિષ્ણુપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કેચકી ગામની પાસે એક વન્ય ક્ષેત્રમાં જૂથ અથડામણ થઈ હતી. ઈન્સ્પેક્ટર જનરલ(ઓપરેશન) અને ઝારખંડ પોલીસ પ્રવક્તા માઈકલ રાજ એસે જણાવ્યું કે, જૂથ અથડામણમાં ત્રણ માઓવાદી માર્યા ગયા છે.ઘટનાસ્થળથી ત્રણ હથિયાર પણ મળી આવ્યા છે. ગુમલા જિલ્લાના પોલીસ વડા હારિસ બિન જમાને કહ્યું કે માઓવાદીઓની ઓળખ લાલુ લોહરા, સુજીત ઉરાંવ અને છોટુ ઉરાંવ તરીકે થઈ છે. ગુમલા પોલીસને કેચકીના વન્ય ક્ષેત્રમાં આ સંગઠનના સક્રિય સભ્યો ઉપસ્થિત હોવાની ગુપ્ત માહિતી મળી હતી, ત્યાર પછી ઝારખંડ જગુઆર અને ગુમલા પોલીસ ટીમ દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું.આ દરમિયાન માઓવાદીઓ ફાયરિંગ શરુ કર્યું, જેનો વળતો જવાબ સુરક્ષા દળોએ આપ્યો, જેમાં ત્રણ માઓવાદી ઠાર થયા હતા. ઝારખંડમાં આ વર્ષમાં હમણાં સુધી ૩૨ માઓવાદી માર્યા ગયા છે.છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં બુધવારે ૭૧ નક્સલવાદઓએ આત્મસમર્પણ કર્યું છે, જેમાં ૩૦ નક્સલી પર કુલ રૂપિયા ૬૪ લાખના ઈનામ હતા. દંતેવાડાના પોલીસ સુપરિનટેન્ડેન્ટ ગૌરવ રાયે જણાવ્યું કે આત્મસમર્પણ કરનાર નક્સલીઓમાં ૨૧ મહિલા સામેલ છે. આ તમામ નક્સલીઓએ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ની સામે હથિયાર મૂક્યા અને ખોખલી માઓવાદી વિચારધારા પ્રત્યે નિરાશા દર્શાવી હતી.

---

### ધર્માંતરણ અને લગ્નને સાંકળતા પાસા પર મહત્ત્વપૂર્ણ ચુકાદો

## ધર્માંતરણ જ ગેરકાયદે હોય તો યુગલને પરિણીત માની શકાય નહીંઃ અલાહાબાદ હાઈકોર્ટ

### હિન્દુ ચંદ્રકાંતા ઉર્ફે જૈનબ પરવીન નિકાહ કર્યા હતાઃ ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ચંદ્રકાંતાએ ઈસ્લામ ધર્મ અંગિકાર કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રયાગરાજ

અલાહાબાદ હાઈકોર્ટે ધર્માંતરણ અને લગ્નને સાંકળતા પાસા પર મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે ઠરાવ્યુ હતું કે, ધર્માંતરણના આધારે લગ્ન થયા હોય અને ધર્માંતરણ જ ગેરકાયદે સાબિત થાય તો મહિલા કે પુરુષના લગ્નને કાયદાની દૃષ્ટિએ પરિણીત માની શકાય નહીં. જસ્ટિસ સૌરભ શ્રીવાસ્તવે મોહમ્મદ બિન કાસિમ ઉર્ફે અકબરની પીટિશન પર ચુકાદો આપ્યો હતો, જેમાં તેણે સામાવાળાઓને પોતાના દામ્પત્યજીવનમાં દખલ કરતા અટકાવવા માગણી કરી હતી. કોર્ટે આ સાથે નોંધ્યુ હતું કે, બંને અરજદારો પોતાના લગ્નને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ નોંધાવી શકે છે. પીટિશનર તરફથી રજૂઆત થઈ હતી કે, કાસિમ ઉર્ફે અકબર મુસ્લિમ સમાજનો છે. તેણે હિન્દુ ચંદ્રકાંતા ઉર્ફે જૈનબ પરવીન નિકાહ કર્યા હતા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ચંદ્રકાંતાએ ઈસ્લામ ધર્મ અંગિકાર કર્યો હતો અને ખાનકાહે આલિયા અરિફિયા દ્વારા તેને સર્ટિફિકેટ અપાયુ હતું. ૨૬ મે, ૨૦૨૫ના રોજ બંને અરજદારે મુસ્લિમ લો હેઠળ નિકાલ કર્યા હતા અને તેમનું સંબંધિત કાઝી દ્વારા તેમને મેરેજ સર્ટિફિકેટ ઈશ્યુ કરાયુ હતું. સામા પક્ષે આ દલીલનો વિરોધ કરતાં જણાવ્યુ હતું કે, જામિયા અરિફિયાના સેક્રેટરી અને મેનેજર સૈયદ સરવને ૨૨ ફેબ્રુઆરીએ આવું કોઈ સર્ટિફિકેટ અપાયું હોવાનો ઈનકાર કર્યો છે. તેથી ખાનકાહે આલિયા અરિફિયા દ્વારા જારી કરાયેલું કથિત સર્ટિફિકેટ બનાવટી છે અને ખોટા પુરાવાના આધરે તૈયાર કરાયું છે. કોર્ટે ઠરાવ્યું હતું કે, બનાવટી દસ્તાવેજોના આધારે થયેલું ધર્માંતરણ ઉત્તરપ્રદેશ અન લો ફુલ કન્વર્ઝન એક્ટ હેઠળ આવરી લેવાયેલી જોગવાઈનું પાલન કરતું નથી. મુસ્લિમ લૉ હેઠળ મેરેજને એક જ ધર્મમાં માનતા લોકો વચ્ચેના કોન્ટ્રાક્ટ ગણવામાં આવે છે, તેથી અરજદારોએ કરેલા લગ્નને કાયદાની




દૃષ્ટિએ માન્ય ગણી શકાય નહીં. ચંદ્રકાંતાએ કરેલું ધર્મપરિવર્તન ગેરકાયદે હોય તો પછી તેમને કાયદાની દૃષ્ટિએ પરિણીત દંપતિ માની શકાય નહીં. જો કે કોર્ટે બંને અરજદારને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્નનું રજિસ્ટ્રેશન કરાવવા નિર્દેશ આપ્યા હતાં.

---


## પશ્ચિમ રેલ્વે દ્વારા ખાસ ટ્રેનની ટ્રીપ ચલાવાશે.

| ટ્રેન નં. | થી | સુધી | ચલાવાના દિવસ | સુધી વિસ્તૃત |
|---|---|---|---|---|
| 09437 | ગાંધીધામ | સિયાલદહ | બુધવાર | તા. 12.11.2025 |
| 09438 | સિયાલદહ | ગાંધીધામ | શનિવાર | તા. 15.11.2025 |

સમય, વિરામ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે,મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નં. 09437 ની વિસ્તૃત ટ્રીપનું બુકિંગ તા. 26.09.2025 થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# તંત્રી લેખ......

## પેલેસ્ટાઈનને માન્યતા આપવાનું વધતું ચલણ

વિશ્વની સામે બે લોહિયાળ સંઘર્ષોના અંતનો પડકાર લાંબા સમયથી વણઉકેલ છે. રશિયા અને યુક્રેનના જંગમાં શાંતિનો કોઈ માર્ગ મળતો નથી, ત્યારે ગાઝા પર ઈઝરાયલે હમાસની સામે કરેલાં આક્રમણમાં નિર્દોષ લોકોનાં જીવનને બદતર બનાવી રહ્યો છે. હાલે ચાલતી સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભામાં ગાઝામાં ઈઝરાયલી લશ્કરી કાર્યવાહીનો મુદ્દો છવાયેલો રહ્યો છે. હમાસના આતંકી હુમલાના બદલામાં ઈઝરાયલે છેડેલો આ જંગ હવે પેલેસ્ટાઈનને એક દેશ તરીકે માન્યતા આપવામાં પરિણમી રહ્યો છે. ઈઝરાયલ જેમ-જેમ તેના હુમલાને તીવ્ર બનાવી રહ્યો છે, તેમ-તેમ તેના મિત્રદેશો તેનાથી નારાજ થઈને પેલેસ્ટાઈનને રાષ્ટ્ર તરીકે માન્યતા આપવાનું શરૂ કર્યુ છે. યુએનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પેલેસ્ટાઈનને માન્યતા મળાવથી હમાસ મજબૂત થશે એવો મત વ્યક્ત કર્યો છે.પેલેસ્ટાઈનને બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયાએ માન્યતા આપી છે. હજી ફ્રાંસ સહિતના બીજા દેશ આમ કરશે એવા સંકેત મળી રહ્યા છે. હાલે ગાઝામાં હમાસના સફાયા માટે જે રીતે ઈઝરાયલે છેલ્લા પાટલે બેસીને આક્રમણ કર્યુ છે, તેનાથી આવી માન્યતાનો પેલેસ્ટાઈનને આ માન્યતાનો કોઈ સીધો ફાયદો થાય તેમ નથી, પણ રાજદ્વારી રીતે આ પગલાંથી પેલેસ્ટાઈનને વિશ્વ મંચ પર ઓળખને સત્તાવાર સ્વરૂપ મળવામાં મદદ જરૂર મળશે. ભારતે દાયકાઓ અગાઉ યાસર અરાફાતના સમયથી પેલેસ્ટાઈનને સમર્થન અપેલું છે. થોડા દિવસ અગાઉ સંયુક્ત રાષ્ટ્રમાં બે દેશની ફોર્મ્યુલાની તરફેણમાં પણ ભારતે મત આપ્યો હતો, તો હમાસના આતંકી હુમલાની સામે ભારતે ઈઝરાયેલ તરફ વલણ લેતું જણાયું છે, પણ તેણે વિશ્વ મંચ પર ઈઝરાયલ અને પેલેસ્ટાઈન બંનેથી અંતર જાળવી રાખ્યું છે. ઉલ્લેખનીય છે કે, હમાસે ઈઝરાયલ પર હુમલો કરીને જે રીતે નિર્દોષ લોકોની હત્યા કરવાનો સિલસિલો વણથંભ્યો રાખ્યો છે, તેનાથી આ ત્રાસવાદી સંગઠનની સામે વિશ્વ વ્યાપી રોષ રહ્યો છે, પણ ઈઝરાયલે કરેલા વળતા હુમલામાં ગાઝામાં ૬૫ હજારથી વધુ લોકોના જીવ ગયા છે અને એક સમયે ધબકતા ગાઝાના નગરો કાટમાળમાં ફેરવાઈ ગયા છે. ગાઝાની આરોગ્ય સેવા મૃતપ્રાય બની રહી છે અને શિક્ષણ સંસ્થાઓ હતી ન હતી થઈ ગઈ છે. હમાસે આવી જાહેર સંસ્થાઓની નીચે પોતાના ભૂગર્ભ અડ્ડા બનાવ્યા હોવાનું કારણ આગળ ધરીને ઈઝરાયલી સૈન્યે તેને નિશાન બનાવ્યા છે. હાલત એવી છે કે, ગાઝાના લોકો હવે ભોજન માટે અને આરોગ્ય સેવાઓની માટે ટળવળી રહ્યા છે. ભૂખમરાની સ્થિતિ વકરી રહી છે. એક તરફ ઈઝરાયલ પર ગાઝામાં સહાયતાને રોકવાનો આરોપ લાગી રહ્યો છે, તો બીજી તરફ હમાસ રાહતની સામગ્રી પોતાના કબજામાં લઈને લોકો સુધી પહોંચવા દેતું નથી. જો કે, ઈઝરાયલ સામેનો પ્રચાર હવે વિશ્વ મંચ પર તીવ્ર બની રહ્યો છે. પશ્ચિમી દેશો તેમના ઘર આંગણે વધી રહેલા રોષના દબાણ અને માનવતાની માંગથી પ્રેરાઈને ઈઝરાયલ પર દબાણ વધારવા પેલેસ્ટાઈનને માન્યતા આપવા લાગ્યા છે. મહત્ત્વની બાબત એ છે કે, અમેરિકાના પ્રભુત્વ ધરાવતા જી સાત સમૂહના કેનેડા અને બ્રિટને પણ માન્યતા આપી છે. આ બધા વચ્ચે ઈઝરાયલે ગાઝા પર નિર્ણાયક હુમલો કર્યો છે. ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુએ સ્પષ્ટ રીતે કહ્યંઅ છે કે, તેમનો દેશ આખા ગાઝા પર કબજો મેળવ્યા બાદ જ હુમલો રોકશે. તેમણે એવો પણ દાવો કર્યો કે, હમાસ સામેના જંગને લીધે હવે પેલેસ્ટાઈનનું આમે પણ અસ્તિત્વ રહ્યંઅ નથી. એમ જણાઈ રહ્યંઅ છે કે, પેલેસ્ટાઈનને કદાચ વૈશ્વિક માન્યતા મળે તો પણ ગાઝાનું અસ્તિત્વ ન હોય તો માન્યતાનો કોઈ અર્થ રહેશે નહીં.

# ગુજરાતમાં ક્વોન્ટમ યુગની શરુઆતઃ રાજ્ય-સ્તરીય વિજ્ઞાન સેમિનાર અને હેન્ડ્સ-ઓન આઉટરીચ કીટનો પ્રારંભ યુવા મનને પ્રેરણા આપે છે



વર્ષ ૨૦૨૫ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય ક્વોન્ટમ સાયન્સ અને ટેકનોલોજી વર્ષ (IYQST 2025) તરીકે જાહેર કરવામાં આવેલ છે. જે સમાજ, ઉદ્યોગો અને નવીનતાના ભવિષ્યને ફરીથી આકાર આપવામાં ક્વોન્ટમ વિજ્ઞાનની પરિવર્તનશીલ શક્તિની ઉજવણી કરે છે.

આ ઐતિહાસિક વૈશ્વિક પહેલમાં યુએનનાં શૈક્ષણિક સંસ્થાકીય ભાગીદાર તરીકે, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગનાં નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટે) એ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે "ક્વોન્ટમ યુગની શરૂઆતઃ સંભાવનાઓ અને પડકારો" થીમ પર રાજ્ય-સ્તરીય રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારનું સફળતા પુર્વક આયોજન કર્યું. આ સેમિનાર ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં યોજાયેલી જિલ્લા સ્તરીય સ્પર્ધાઓનું અંતિમ ચરણ હતું, જેમાં ધોરણ ૮ થી ૧૦ ના કુલ ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રતિભાના આ ઉત્સાહી સમૂહમાંથી, ૬૬ તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેમાં ૪૧ છોકરીઓ અને ૨૫ છોકરાઓનો સમાવેશ થાય છે - તેમના વિચારો, સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ દર્શાવવા માટે આજ રોજ યોજાયેલી રાજ્ય સ્તરીય સ્પર્ધામાં ભાદ લીધો હતો. તેમની પ્રસ્તુતિઓ ગુજરાતના વિદ્યાર્થીઓ ક્વોન્ટમ યુગના વચનો અને પડકારો સાથે કેવી રીતે જોડાઈ રહ્યા છે તે જિજ્ઞાસા અને તેમના આત્મવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

વલસાડના વાપી સ્થિત મરોઠિયા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની ધોરણ દસની વિદ્યાર્થિની ખુશી કુશવાહાને રાજ્ય વિજેતા જાહેર કરવામાં આવી હતી અને તે ૩૦મી ઓક્ટોબર ૨૦૨૫ના રોજ VITM, બેંગ્લોર ખાતે યોજાનાર રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. તેણીને ૧૦,૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ, ટ્રોફી, પ્રમાણપત્ર અને માનવથી વિજ્ઞાન કીટથી સન્માનિત કરવામાં આવી હતી. દ્વીતીય ક્રમાંકે આમર્ષ જૈન, ધોરણ-૯, દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીધામ, કચ્છનો વિદ્યાર્થી રહ્યો હતો, જેને રૂ. ૭,૫૦૦, ટ્રોફી, પ્રમાણપત્ર અને કીટ પ્રાપ્ત થયા હતા. અને ત્રીજા ક્રમાંકે રિદ્ધિ મિસ્ત્રી, ધોરણ-૧૦ની શેઠ આરજેજે હાઈસ્કૂલ, નવસારીની વિધ્યાર્થીનીને રૂ. ૫,૦૦૦, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમાપન સત્રમાં ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતી, IAS, ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિજેતાઓનું સન્માન કર્યું અને બધા સહભાગીઓને તેમના ઉત્કૃષ્ટ પ્રયાસો બદલ પ્રશંસા કરી. SAC-ISROના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. શિલ્પા પંડ્યા અને વિજ્ઞાન પ્રસારના ભૂતપૂર્વ ડિરેક્ટર ડૉ. વી.બી. કાંબલેએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી અને વિદ્યાર્થીઓને તેમના સમજદાર વાર્તાલાપથી પ્રેરણા આપી.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ક્વોન્ટમ સાયન્સ અને ટેકનોલોજી પર હેન્ડ્સ-ઓન ડેમોન્સ્ટ્રેશન કીટનું અનાવરણ હતું, જે GUJCOST દ્વારા તેના IYQST ૨૦૨૫ આઉટરીચ પ્રોગ્રામના ભાગ રૂપે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. શ્રીમતી પી. ભારતી દ્વારા લોન્ચ કરાયેલ, આ કીટ શાળાઓ, શિક્ષકો અને નાગરિકો બંને માટે ક્વોન્ટમ વિજ્ઞાનની રસપ્રદ દુનિયાને સુલભ બનાવવા માટે એક સીમાચિહ્નરૂપ પહેલ છે. ૩૪ કાળજીપૂર્વક ક્યુરેટ કરેલી પ્રવૃત્તિઓ અને પ્રદર્શનો ધરાવતી, આ કીટ ઈન્ટરેક્ટિવ, આકર્ષક શોધખોળ દ્વારા અમૂર્ત ક્વોન્ટમ ખ્યાલોને જીવનમાં લાવે છે - જટિલ વિજ્ઞાનને આનંદદાયક શિક્ષણ અનુભવોમાં પરિવર્તિત કરે છે. આ કાર્યક્રમમાં ડૉ. વર્ષા પારેખ, ડૉ. અમૂલ્ય કુમાર સન્યાસી (IPR), ડૉ. વૈશાલી પાઠક, ડૉ. પૂજા શર્મા, ડૉ. કુલજીત કૌર અને ડૉ. અભિષેક ગોર (PDEU) સહિત વૈજ્ઞાનિક જ્યુરીઓની એક પેનલ પણ સામેલ થઈ હતી, જેમણે વિદ્યાર્થીઓની પ્રસ્તુતિઓ (પ્રેસેન્ટેશનો)નું કુશળતા અને પ્રોત્સાહન સાથે મૂલ્યાંકન કર્યું હતું. શ્રીમતી પી. ભારતીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતુ કે "ક્વોન્ટમ સાયન્સ હવે પ્રયોગશાળાઓ કે પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત વિષય નથી રહ્યો. તે આવતીકાલની ટેકનોલોજીના પાયા તરીકે ઉભરી રહ્યું છે, જે માનવજાત કેવી રીતે જીવશે, કાર્ય કરશે અને વિચારશે તેમાં પરિવર્તન લાવવા માટે તૈયાર છે. આવા કાર્યક્રમો દ્વારા, ગુજરાત તેના વિદ્યાર્થીઓને ક્વોન્ટમ યુગને સમજવા માટે જ નહીં પરંતુ તેનું નેતૃત્વ કરવા માટે પણ તૈયાર કરી રહ્યું છે."

પોતાના વિચારો વ્યક્ત કરતા, GUJCOST ના સલાહકાર ડૉ. નરોત્તમ સાહૂએ અવલોકન કર્યું કે IYQST ૨૦૨૫ આઉટરીચ અને રાજ્ય વિજ્ઞાન સેમિનાર ગુજરાતના યુવાનોને જ્ઞાન, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસથી સશક્ત બનાવવાના વિઝનનું પ્રતિબિંબ છે જેથી તેઓ ક્વોન્ટમ યુગમાં આગળ વધી શકે.

આ સેમિનાર અને આઉટરીચ કીટના લોન્ચ સાથે, GUJCOST એ વૈજ્ઞાનિક જિજ્ઞાસાને પ્રોત્સાહન આપવા, નવીનતાને અને જ્ઞાનની સીમાઓને યુવા મનની નજીક લાવવાના તેની કટિબધ્ધાતા દર્શાવે છે. ક્વોન્ટમ યુગનો ઉદય થયો છે - અને ગુજરાતના વિદ્યાર્થીઓ ભવિષ્યનો માર્ગ ઉજાગર કરવા માટે તૈયાર છે.

# ભાજપના તમામ ધારાસભ્યો, જિલ્લા પ્રમુખો તેમજ સાંસદોને આવતી કાલે ગાંધીનગર કમલમનુ તેડું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પ્રવાસ અને ખાસ કરીને સુરતથી લઈ રાજકોટમાં તેઓએ યોજેલી બેઠકો બાદ ફરી એકવખત રાજયમાં મંત્રી મંડળમાં ફેરફાર થી લઈ અને પ્રદેશ ભાજપના નવા પ્રમુખ અંગેની ચર્ચાએ વેગ પડકયો છે. તે સમયે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની મંગળવારનો દિલ્હી પ્રવાસ અને તેમાં પણ મંત્રી મંડળમાં ફેરફારો અંગે તેઓએ ચર્ચા કરી હોવાના અટકળો બાદ હવે આવતી કાલે શનિવારે ગાંધીનગરમાં ભાજપના તમામ ધારાસભ્યો ઉપરાંત જિલ્લા અને મહાનગરના પ્રમુખોને કમલમ ખાતે પહોચવા માટેના આદેશો છુટયા છે.

ગઈ કાલથી જ તમામ અપેક્ષીતોને આવી રહેલા ફોનમાં આવતી કાલે શનિવારે બપોરે ૧:૩૦ કલાકે અગત્યની બેઠક માટે કમલમ પહોચવા માટે જણાવાઈ રહ્યુ છે અને સુત્રોના કહેવા પ્રમાણે જે રીતે ધારાસભ્યોની સાથે જિલ્લા અને મહાનગરના પ્રમુખોને પણ બોલાવાયા છે તેથી સંગઠન સંબંધીત કોઈ મહત્વની જાહેરાત અથવા તો તે પુર્વેની તૈયારી હોય તેવુ માનવામાં આવે છે. મુખ્યમંત્રીના દિલ્હી પ્રવાસ બાદ જો કે મંત્રી મંડળમાં ફેરફાર અંગે હજુ સુધી કોઈ નવા ડેવલપમેન્ટ જોવા મળ્યા નથી અને રાજય સરકારના મંત્રીઓ તમામ પોતાની રીતે કામકાજ કરી રહ્યા છે. પરંતુ હવે ભાજપ જે રીતે દિલ્હીમાં રાષ્ટ્રીય પ્રમુખથી લઈ અને ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ, મંત્રી મંડળમાં ફેરફાર માટે લાંબા સમયથી રાહ જોઈ રહ્યો છે તે ખરેખર સમય આવ્યો હોવાનુ ફરી એક વખત ચર્ચાનો દોર શરૂ થયો છે.




જો કે ભાજપ હંમેશા બંધ બાજી રમવા ટેવાયેલો છે અને આખરી ઘડીએ તેના પત્તા ઉતરે છે, તેવુ હવે થશે કે પછી વધુ એક વખત સ્વદેશી જેવી સલાહ આપીને તમામને કમલમમાંથી વિદાય અપાય તેના પર ચર્ચા છે. અગાઉ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ગાંધીનગરમાં આજ પ્રકારે એક બેઠકમાં વધુ બે વખત તમને બોલાવાશે તેવુ જણાવ્યુ હતુ તેમાં એક વખતની કમલમની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે સ્વદેશી ચળવળ અંગે આહવાન કર્યુ તેનુ માર્ગદર્શન અપાયુ હતુ, આમ પાટીલના પોતાની એક બેઠક પુરી થઈ ગઈ છે. જયારે હવે બીજી બેઠકનો સસ્પેન્સ શરૂ થયુ છે. તે સમયે જ કેન્દ્રીય ગૃહમંત્રી અને ગુજરાત ભાજપના મંત્રી અમિત શાહે પ્રથમ વખત તેમના પ્રવાસમાં સુરત અને રાજકોટમાં રાજકીય કહી શકાય તેવી ગતિવીધી કરી હતી. જો કે તે ફકત ઔપચારીક હોવાનુ અને કાર્યકર્તાઓને મળવા માટે તેઓએ આ બેઠક યોજી હોવાનુ રાજકોટમાં જણાવાયુ હતું. પરંતુ અમિત શાહના દરેક નિર્ણયો પાછળ કોઈને કોઈ મહત્વનુ કારણ હોય છે અને તેથી જ તેમની આ બેઠકોને વધુ રસપ્રદ રીતે જોવાઈ રહી છે. તે સમયે હવે શનિવારે પ્રદેશ પ્રમુખ અંગે કોઈ ડેવલપમેન્ટ મળે છે કે કેમ અથવા પ્રદેશ ચુંટણી અધિકારી તરીકે નિયુકત થયેલા કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવના ગુજરાત આગમન અંગે કોઈ વધારે અપડેટ આવે છે કે કેમ તે પણ પ્રશ્ન છે અને હવે આગામી ૪૮ કલાકમાં કોઈ ઘટના કે સમાચાર થી તેમાં માહિતી મળશે તેવુ માનવામાં આવે છે.

# વર્લ્ડ રેબીઝ ડે- ૨૦૨૫ની "૨૫ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર" એક સપ્તાહ દરમિયાનના ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું






અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ ધ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસીયેશન ખાતે યોજાયેલ સેમીનારથી શરૂ કરી અમદાવાદ શહેરમાં તા.૨૮/૦૯/૨૦૨૫ના રોજ આવતા વર્લ્ડ રેબીઝ ડે- ૨૦૨૫ની "૨૫ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર" એક સપ્તાહ દરમિયાનના ઉજવણી કાર્યક્રમનો મુખ્ય હેતુ વર્ષ ૨૦૩૦ સુધીમાં અમદાવાદ શહેરમાંથી રેબીઝ રોગ નાબૂદ કરવો અને સમગ્ર સમુદાયમાં જાગૃતતા ફેલાવવા છે. આવા કાર્યક્રમનું આયોજન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ તથા CNCD વિભાગ, રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC), કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ તથા સેન્ટર ફોર વન હેલ્થ (COOH)ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

મુખ્ય પ્રવૃત્તિઓ:

શહેરમાં મોટા પાયે સ્ટ્રે તથા પાળેલાં શ્વાનોનું રેબીઝ રસીકરણ

શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં બાળકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુથની મદદથી જાગૃતતા કાર્યક્રમો

રેડિયો, ટીવી, ન્યૂઝ પેપર તથા સોશિયલ મિડીયા દ્વારા માહિતીનું પ્રસારણ

ડૉગ તથા પશુ આરોગ્ય સાથે જોડાયેલા કર્મચારીઓનું રસીકરણ

રોગ નિયંત્રણ માટે સર્વેલન્સ અને ડેટા કલેક્શન

રોગ નિયંત્રણ માટે નવી ટેક્નૉલોજિ અને નવીન ઉપાયોનો અમલ

ડૉગ બાઈટ મેનેજમેન્ટ

જાહેર અને ખાનગી હૉસ્પિટલો સાથે માહિતીનું સંકલન

સમાવિષ્ટ સંસ્થાઓ:

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગો,

આરોગ્ય અને શિક્ષણ વિભાગ (રાજ્ય સરકાર),

કામધેનુ યુનિવર્સિટી,

પોલીસ કમિશનર કચેરી,

જિલ્લા કલેક્ટર કચેરી,

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, આંગણવાડી અને હેલ્થ વર્કર્સ,

એનજીઓ, સીઈબીઓ, એનિમલ વેલફેર ઑર્ગેનાઈઝેશનો, વેટરિનરી ડૉક્ટરો અને પેટ ડૉગ ઓનર્સ, રાજ્ય પશુ કલ્યાણ બોર્ડ અને IIPH,

સંદેશ:

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રેબીઝ જેવી જીવલેણ બીમારી સામે લોકોમાં જાગૃતિ લાવવી અને દરેક નાગરિકને "પ્રતિરોધ" માટે ભાગીદાર બનાવવાનો છે.

"અમદાવાદ શહેરને ૨૦૩૦ સુધીમાં રેબીઝ મુક્ત બનાવવામાં આપનો સહયોગ આપો!"

# વિચરતી વિમુકત જાતિના લોકોની માંગણીઓને લઈ ઈડર પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત સરકાર દ્વારા વિચરતિ અને વિમુકત સમુદાયના લોકો સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. જેમાં ચુંવાણીયા કોળી, દેવપુજક , રાવળ દેવ યોગી, બાવા વૈરાગી, નાયક, વણજારા , મે મીયાણા, ઓડ, સરાણીયા, લુહાર, ચારણ ગઢવી, ડફેર, સંધી અને વાદી સહિતની વિચરતિ વિમુકત જાતિઓને સ્કોલરશીપ આપવામાં અન્યાય કરવામાં આવી રહ્યો છે.

જેને લઈ આજે સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે વિચરતિ વિમુકત જનજાતિ (એનટીડીએનટી) હક્ક સમિતિ દ્વારા પ્રાંત અધિકારીને તેઓની માંગણીઓની લઈ આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

# સંજય કપૂરની વસિયત ગુપ્ત રાખવા માંગે છે ત્રીજી પત્ની, કોર્ટનો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંજય કપૂરની મિલકત અંગેનો વિવાદ હાલમાં દિલ્હી હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે. કરિશ્મા કપૂરના બાળકો, સમાયરા અને કિયાન, તેમજ સંજયની માતા અને તેની બહેને પ્રિયા સચદેવ વિરુદ્ધ સંજયના વસિયતનામામાં છેતરપિંડી અને છુપાવવાના આરોપનો મામલે કેસ દાખલ કર્યો હતો. આ મામલે કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી, જે દરમિયાન પ્રિયાએ સંજય કપૂરની સંપત્તિની યાદી સીલબંધ કવરમાં રજૂ કરવાની મંજૂરી માંગી હતી.

સુનાવણી દરમિયાન પ્રિયા સચદેવ કપૂરના વકીલે કહ્યું, મારી બસ એટલી જ વિનંતી છે કે, વસિયતનામાને સીલબંધ કવરમાં રજૂ કરવાની મંજૂરી આપવામાં આવે, જેથી આ માહિતી જનતા અને મીડિયા સુધી ન પહોંચે. જોકે, કોર્ટે તેમની દલીલને ફગાવતા કહ્યું કે, જ્યારે તમે કોઈપણ મુકદમામાં લેખિત જવાબ દાખલ કરો છો, ત્યારે બીજા પક્ષને પ્રતિદાવો દાખલ કરવા માટે આ માહિતીની જરૂર પડે. તેથી ત્યારે સીલબંધ કવરમાં કેટલી માહિતી રહેશે?

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# બિહારમાં મપાઈ શકે છે પાટીલનુ પાણી : પાટીલને બિહારની ચુંટણી જીતાડવાની જવાબદારી સોંપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીએ આગામી બિહાર વિધાનસભા ચુંટણી માટે ગુજરાતના એક અગ્રણી નેતા મહત્વની જવાબદારી સોંપી છે. જેમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલનુ બિહારની વિધાનસભાની ચુંટણીઓમાં પાણી મપાઈ શકે છે. પાટીલ ગુજરાતની જેમ બિહારમાં કેટલી બેઠકો લાવે છે તેની ઉપર કેન્દ્રીય હાઈકમાન્ડ મીટ માંડીને બેઠુ છે. ગુજરાત ભાજપના પ્રમુખ અને નવસારીના સાંસદ સીઆર પાટીલને બિહાર ચુંટણી માટે સહપ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. પાર્ટી દ્વારા સીઆર પાટીલ અને ઉત્તર પ્રદેશ ના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય ને બિહાર ચુંટણીના સહપ્રભારી બનાવવામાં આવ્યા છે. આ નિર્ણય ગુજરાતના એક નેતાને અન્ય રાજયની મહત્વપૂર્ણ ચુંટણીમાં મોટી ભુમિકા સોંપવા તરફ ઈશારો કરે છે. સીઆર પાટીલની સંગઠનાત્મક કુશળતા અને ચુંટણી વ્યુહ રચનામાં તેમની માસ્ટરી બિહારમાં મપાઈ શકે છે. ગુજરાતમાં ભાજપને સતત સફળતા અપાવવામાં માહિર બનેલા અને કાર્યકર્તાઓમાં ઉત્સાહ ભરવાના તેમના રેકોર્ડને કારણે કેન્દ્રીય નેતૃત્વએ તેમના પર વિશ્વાસ મુકયો છે. બિહારમાં ચુંટણી પ્રચારની રણનીતી ઘડવા, સ્થાનિક નેતાઓ સાથે સંકલન સાધવા અને ચુંટણીના મેનેજમેન્ટની જવાબદારીમાં તેઓ મુખ્ય પ્રભારીને મદદ કરશે. ગુજરાતના નેતાઓ દેશભરની રાજનીતીમાં લાંબા સમયથી મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. સીઆર પાટીલને બિહાર જેવા રાજકીય રીતે સંવેદનશીલ રાજયની જવાબદારી મળતા ભાજપમાં પણ તેમનુ કદ પણ વધ્યુ છે. આ નિમણુંક દર્શાવે છે કે પાર્ટી તેમના સંગઠનાત્મક કૌશલ્યને રાષ્ટ્રીય સ્તરે ઉપયોગમાં લેવા માંગે છે. બિહારની આ ચુંટણી ભાજપ માટે ખુબ જ મહત્વની છે અને પાટીલની નિમણુંક બતાવે છે કે પાર્ટી અહીં કોઈપણ કસર છોડવા માંગતી નથી. બિહારમાં ગુજરાતી નેતાની એન્ટ્રી થી હવે ત્યાંના ચુંટણી સમીકરણો પર સૌની નજર રહેશે. લોકમુખે ચર્ચાયેલ મુજબ પાટીલનું બિહારમાં સારૂ પ્રદર્શન અને સીટો વધુ મળશે તો કેન્દ્રમાં પાટીલનુ મહત્વ વધશે. પરંતુ જો સીટો ગણતરી પ્રમાણે મળશે નહી તો ગુજરાતમાંથી પણ પાટીલની વિદાય નકકી.




ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ચાંદીનો વાયદો રૂ.૧,૩૭,૫૩૦ની નવી ઊંચાઈએ: સોનાના વાયદામાં રૂ.૨૭૨ની તેજી: ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૩ નરમ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૧૩૫૭.૫૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૮૦૩૦૯.૬૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૬૨૫૫.૯૯ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૬૭૧૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૨૧૬૬૮.૮૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૧૩૫૭.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૮૦૩૦૯.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૬૭૧૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૭૧૬.૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૬૨૫૫.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨૪૬૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૨૫૦ અને નીચામાં રૂ.૧૧૨૧૮૨ના મથાળે અથડાઈ, રૂ.૧૧૨૫૫૫ના આગલા બંધ સામે રૂ.૨૭૨ની તેજી સાથે રૂ.૧૧૨૮૨૭ થયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૫૦ વધી રૂ.૯૧૬૦૦ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧૭ વધી રૂ.૧૧૪૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૭ વધી રૂ.૧૧૨૭૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૬૮૧ અને નીચામાં રૂ.૧૧૨૫૧૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૩૦૧૩ના આગલા બંધ સામે રૂ.૧૦૨ વધી રૂ.૧૧૩૧૧૫ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૩૩૦૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૭૫૩૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૩૩૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૩૪૦૦૨ના આગલા બંધ સામે રૂ.૨૮૬૯ના ઉછાળા સાથે રૂ.૧૩૬૮૭૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૭૫૨ ઊછળી રૂ.૧૩૬૮૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૭૬૪ ઊછળી રૂ.૧૩૬૮૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૧૮૧.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૬૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૦૨ અને નીચામાં રૂ.૩૬૬૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫ ઘટી રૂ.૩૬૮૩ થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૭૬૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૬૭ અને નીચામાં રૂ.૫૭૧૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૭૬ના આગલા બંધ સામે રૂ.૩૩ ઘટી રૂ.૫૭૪૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૩૨ ઘટી રૂ.૫૭૪૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩ વધી રૂ.૨૫૫.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨.૭ વધી રૂ.૨૫૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૬૯.૩ના ભાવે ખૂલી, રૂ.૨.૮ ઘટી રૂ.૯૬૬.૫ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૮૦ના ભાવે ખૂલી, રૂ.૪૦ ઘટી રૂ.૨૫૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૮૮૮૭.૧૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૩૬૮.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૯૫૬.૫૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૨.૦૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩.૮૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૦.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૩.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૪૦.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૨૭.૭૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૮૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૮૨૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૪૯૯૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૮૭૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૫૪૦૩૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૨૨૬૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૯૭૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૬૦૩૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૯૩૫૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૦૨૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૫૯૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૩૦૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૬૫૭૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૬૭૭૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૬૪૨૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૪ પોઈન્ટ વધી ૨૬૭૧૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૮ ઘટી રૂ.૧૬૦.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૯૫ વધી રૂ.૧૯ના ભાવે બોલાયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૪.૫ વધી રૂ.૧૯૮૬ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪ વધી રૂ.૭૮ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૨૬ વધી રૂ.૨૨.૦૩ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૫ વધી રૂ.૬.૮૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૪૫ ઘટી રૂ.૧૬૨.૨૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ વધી રૂ.૧૯.૦૫ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૫ વધી રૂ.૨૧૭૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૪ વધી રૂ.૩૩૪.૫ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧ વધી રૂ.૧૬૨.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૧૭.૪ થયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫.૫ ઘટી રૂ.૩૨૩ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૮૫ ઘટી રૂ.૮૩.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૨ ઘટી રૂ.૨૭.૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૧૫ વધી રૂ.૧૬૪.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા ઘટી રૂ.૬.૪૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૪.૫ ઘટી રૂ.૨૦૧૮.૫ થયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૭૨ ઘટી રૂ.૮૫.૫ના ભાવે બોલાયો હતો.

### તોફાની તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરાશે : રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવ

## દહેગામ તાલુકાના બહિયલમાં બે જુથો વચ્ચે સોશીયલ મીડીયા મેસેજને લઈ ફાટી નિકળેલા તોફાનો : બહિયલની ઘટનામાં બે એફઆઈઆર દાખલ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં નવરાત્રીના ચાલુ ગરબા દરમિયાન બે જુથો વચ્ચે સોશીયલ મીડીયા મેસેજને લઈ તોફાનો ફાટી નિકળ્યા હતા. બહિયલ ગામમાં થયેલા પથ્થરમારાની ઘટના બાદ હાલમાં ગામમાં અંજપાભરી શાંતિ પ્રવર્તી રહી છે. કોઈ અનિચ્છિનિય બનાવ ન બને તે માટે તકેદારીના ભાગરૂપે ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસે પથ્થરમારાની ઘટનામાં સંડોવાયેલા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી શરૂ કરી છે.

સમગ્ર ઘટના અંગે પણ તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. ગાંધીનગર રેન્જ આઈજી દ્વારા બહિયલ ખાતે જઈને નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યુ હતુ કે બહિયલમાં બબાલ મુદ્દે અત્યાર સુધીમાં ૬૦ થી વધુ લોકોને ઝડપી લેવામાં આવ્યા છે. તોફાની તત્વો સામે કડક કાર્યવાહી કરાશે. ટોળાએ ૩ દુકાનો અને વાહનોમાં તોડફોડ કરી હતી. પોલીસની ગાડીમાં પણ તોડફોડ કરાઈ હતી. સમગ્ર ઘટના અંગે બે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. સોશીયલ મીડીયામાં વિવાદીત પોસ્ટને કારણે હિંસા થઈ હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.

ગાંધીનગર એસપી રવિ તેજા વાસમ શેટ્ટીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ટોળાએ દુકાનો અને વાહનોમાં તોડફોડ કરી હતી. ત્યારબાદ નજીકમાં ગરબા ચાલુ હતા તે તરફ ગયા હતા. સોશીયલ મીડીયાની પોસ્ટથી વિવાદ સર્જાયો હતો. પોલીસે આ ઘટનામાં ૫૦ થી વધુ લોકોની અટકાયત કરી છે. જયારે ૨૦ શંકાસ્પદોના નામ પોલીસે મેળવ્યા છે. પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ગાંધીનગર ડીવાયએસપી પીયુષ વાંદાએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગામમાં શાંતિ અને સલામતી ડહોળાઈ નહી તે માટે પોલીસ સતત પેટ્રોલીંગ કરી રહી છે. સ્થાનિકોએ સોશીયલ મીડીયા પર ફેલાતી અફવાઓ પર ધ્યાન ન આપવુ અને કોઈપણ ગેરમાર્ગે દોરનારા મેસેજને ધ્યાને ન લેવા અપીલ કરવામાં આવી છે.

## ભાવનગર મંડળ દ્વારા "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત રેલવે કમ્યુનિટી હોલ પરિસરમાં વૃક્ષારોપણ તથા મંડળ કાર્યાલય પરિસરમાં સ્વચ્છતા અભિયાન



"સ્વચ્છતા હી સેવા – ૨૦૨૫" અભિયાન અંતર્ગત તા. ૨૫.૦૯.૨૦૨૫ના રોજ ભાવનગર પરા સ્થિત કમ્યુનિટી હોલમાં એક ભવ્ય વૃક્ષારોપણ સમારોહ તથા DRM કાર્યાલય પરિસરમાં વ્યાપક શ્રમદાન કાર્યક્રમનું આયોજન "એક દિવસ, એક કલાક, એક સાથે" વિષય પર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક (ADRM) શ્રી હિમાંશુ શર્મા, વરિષ્ઠ મંડળ યાંત્રિક ઈજનેર (Sr.DME) શ્રી સંતોષ કુમાર મિશ્રા તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને NDRF દળની સક્રિય અને અનુપમ ભાગીદારી રહી હતી.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે વૃક્ષારોપણ દરમ્યાન હરિત પર્યાવરણ અને સતત વિકાસના મહત્ત્વ પર ભાર મૂકાયો હતો અને ભાગ લેનાર સૌએ વૃક્ષો વાવીને ભવિષ્યની પેઢીઓને સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ અર્પણ કરવાનો સંકલ્પ લીધો હતો. જ્યારે શ્રમદાન પ્રવૃત્તિઓમાં તમામ અધિકારીઓ અને NDRF ટીમે સામૂહિક શ્રમની પરંપરા આગળ ધપાવતાં પરિસરની સફાઈ, સૌંદર્યવર્ધન તથા કચરો નિવારણનું કાર્ય કર્યું હતું. આ આયોજન માત્ર ઔપચારિકતા નહીં પરંતુ પર્યાવરણ સંરક્ષણ, જનજાગૃતિ અને સામુદાયિક જવાબદારીનું જીવંત ઉદાહરણ છે. આ પ્રસંગે આપેલા પ્રેરક સંદેશોએ ઉપસ્થિત જનસમૂહને સ્વચ્છતા અને હરિયાળીનું મહત્વ આત્મસાત કરવાની પ્રેરણા આપી હતી. ભાવનગર મંડળ દ્વારા ઉઠાવવામાં આવેલ આ પગલું "સ્વચ્છ પરિસર – સ્વસ્થ જીવન" ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક સાર્થક અને દૂરગામી પહેલ સાબિત થશે. ભાવનગર મંડળના તમામ સ્ટેશનો પર સામૂહિક શ્રમદાન અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેના અંતર્ગત તમામ વિભાગોના કર્મચારીઓએ મળીને સફાઈ કાર્ય કર્યું હતું.

## ભાવનગર મંડળમાં રેલવે તથા એનડીઆરએફ ટીમ દ્વારા મોક ડ્રિલનું આયોજન



પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળના ભાવનગર ટર્મિનસ સ્ટેશન યાર્ડ ખાતે રેલવે બોર્ડની માર્ગદર્શિકા અનુસાર ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ (ગુરુવાર) ના રોજ રેલવે તથા એનડીઆરએફ (વડોદરા) ટીમના સંયુક્ત પ્રયાસથી આપાતકાલીન પરિસ્થિતિઓનો સામનો કરવાની તૈયારીને પરખવા માટે એક મોક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે કોઈપણ આકસ્મિક પરિસ્થિતિનો ઝડપી અને અસરકારક રીતે સામનો કરવા માટે કર્મચારીઓને તાલીમ આપવી અત્યંત જરૂરી છે. આ જ હેતુસર યોજાયેલી આ મોક ડ્રિલમાં શન્ટિંગ દરમ્યાન એક મુસાફર કોચ બીજા કોચ સાથે અથડાઈ જવાની અને તેમાં આગ લાગી જવાની કલ્પિત પરિસ્થિતિ સર્જવામાં આવી હતી. આ દરમ્યાન ઘાયલ મુસાફરોને કોચમાંથી બહાર કાઢીને તેમને હોસ્પિટલ સુધી પહોંચાડવાની પ્રેક્ટિસ કરવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત સવારે ૧૦:૦૦ વાગ્યે માહિતી પ્રાપ્ત થતા જ ઓન-ડ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડન્ટ દ્વારા કન્ટ્રોલ સહિત અન્ય વિભાગોને સતર્ક કરવામાં આવ્યા. તરત જ એમ્બ્યુલન્સ, દુર્ઘટના રાહત ટ્રેન અને અન્ય જરૂરી સંસાધનોને ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા. વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી સોનુ કુમારના માર્ગદર્શન હેઠળ રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને એનડીઆરએફ ટીમે સંયુક્ત રીતે બચાવ અને રાહત કાર્ય પૂર્ણ કર્યું.

આ દરમ્યાન રાજ્ય સરકારની ૬ એમ્બ્યુલન્સ, રેલવે હોસ્પિટલની ૧ એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગેડનું એક વાહન પણ સક્રિય રીતે જોડાયું હતું.

એનડીઆરએફ-૬ બટાલિયન (વડોદરા) ના કમાન્ડન્ટ દ્વારા સ્થળ પર જ દળને બચાવ કાર્યની વિગતવાર સમજ તથા જરૂરી તકેદારીઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ મોક ડ્રિલમાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા સહિત તમામ વિભાગોના અધિકારીઓ અને ઓપરેટિંગ, ટેલિકોમ, સિગ્નલ, એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિક, મેડિકલ, કર્ષણ, રેલ સુરક્ષા દળ, કોચિંગ ડેપો, વાણિજ્ય, લૉકોમોટિવ તથા સેફ્ટી વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા? આ આયોજનમાં એનડીઆરએફ-૬ બટાલિયન (વડોદરા) ના ૪૦ સભ્યો સહિત રાજ્ય સરકારના કર્મચારીઓ અને મીડિયા પ્રતિનિધિઓની ઉપસ્થિતિ રહી હતી. આશરે ૨૫૦ થી વધુ સભ્યોની ભાગીદારી સાથે યોજાયેલી આ મોક ડ્રિલ રેલવે તથા આપદા પ્રબંધન દળની તત્પરતા અને સંકલનનો અસરકારક પ્રદર્શન કર્યો.




# શિવ અનંતા ફ્લેટ, ચાંદખેડા ખાતે નવરાત્રી ૨૦૨૫ ની શાનદાર ઉજવણી







અમદાવાદ- આ ઉત્સવ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ચાલશે. આ કાર્યક્રમની મુખ્ય વિશેષતા દરરોજ યોજાતી બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ સ્પર્ધા છે, જેના સ્પોન્સર નારાયણ જ્વેલર્સ અને ઓશન યુનિસેક્સ સલૂન છે. સોસાયટીના તમામ રહેવાસીઓને આ દૈનિક ગરબા અને દાંડિયા રાસની રમઝટમાં જોડાવા માટે હાર્દિક આમંત્રણ છે.

# ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દિવાળીના તહેવારોમાં ૨૬૦૦ એકસ્ટ્રા બસો દોડાવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

દિવાળીના તહેવારો હવે નજીકમાં આવી રહ્યા છે. ત્યારે એસટી નિગમ દ્વારા દર વરસની જેમ ચાલુ વરસે પણ રાજયભરમાંથી ૨૬૦૦ જેટલી એકસ્ટ્રા બસો દિવાળી ઉપર દોડાવનાર છે. રાજકોટ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, કચ્છ, અમદાવાદ, વડોદરા, હિંમતનગર, મોડાસા, મહેસાણા, નડીયાદ, પાલનપુર સહિતના ૧૬ ડીવીઝનોમાંથી એકસ્ટ્રા બસો દોડાવશે. રાજયમાં સૌથી વધુ સુરત ખાતેથી સૌરાષ્ટ્ર માટે ૧૬૦૦ બસો દોડાવાશે. મળતી માહિતી મુજબ ગત વરસે એસટી નિગમે દિવાળી ઉપર ૨૩૦૦ વધારાની બસો દોડાવી હતી અને રૂપીયા ૧૦ કરોડ થી વધુ ઈન્કમ મેળવી હતી, તેમજ ૪ લાખ જેટલા મુસાફરોએ મુસાફરી કરી હતી. ત્યારે




ચાલુ વરસે બસોની સંખ્યા વધુ છે , આથી આવક અને મુસાફરોનો આંકડો પણ વધશે. ઉલ્લેખનીય છે કે ચાલુ વરસે એસટી નિગમ દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને લઈ વતનમાં જવા તા.૧૬ થી ૧૯ ઓકટોબર દરમિયાન સુરતથી ૧૬૦૦ એકસ્ટ્રા બસો દોડાવશે. દિવાળીના દિવસોમાં સુરત શહેરમાંથી પોતાના વતન સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાત, દાહોદ, પંચમહાલ, સહિત અન્ય જિલ્લાઓમાં હજારોની સંખ્યામાં લોકો જતા હોય છે. જેને ધ્યાને લઈને સુરત વિભાગ દ્વારા તા. ૧૬ થી ૧૯ મી ઓકટોબર દરમિયાન સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, પંચમહાલ સહિત વિવિધ સ્થળોએ ૧૬૦૦ જેટલી બસો દોડાવવામાં આવશે. વધુ માંગ હશે તો વધુ બસો ફાળવવાની પણ નિગમની તૈયારીઓ છે. રાજયના સૌરાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ પણ ખાસ કરીને દિવાળીના તહેવાર માટે માદરે વતન તરફ મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્રવાસીઓ તથા રાજયની અન્ય જનતા માટે સુરત થી ખાસ એકસ્ટ્રા બસો દોડાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. એકસ્ટ્રા બસોનુ સંચાલન સાંજે ૪ થી રાત્રે ૧૦ કલાક સુધી રહેશે. જે માટે મુસાફરો એડવાન્સમાં ટીકીટ તેમજ ગૃપ બુકીંગ પણ કરાવે શકશે. આખી બસનુ ગૃપ બુકીંગ કરાવનારને એસટી આપના દ્વારે યોજના હેઠળ તેમની સોસાયટીથી વતન સુધી પહોંચાડવામાં આવશે. ગત વરસે પણ દિવાળી ઉપર સુરત એસટી વિભાગ દ્વારા કુલ ૧૩૫૯ ટ્રીપો નુ સંચાલન કરી ૮૬૫૯૯ મુસાફરોને તેમના ગંતવ્યસ્થળે પહોંચાડયા હતા અને નિગમે કુલ રૂપીયા ૨,૫૭,૦૦૦ કરોડ આવક મેળવી હતી. એકસ્ટ્રા બસોનુ બુકીંગ એસટી સેન્ટ્રલ બસ સ્ટેશન, અડાજણ બસપોર્ટ, ઉધના બસસ્ટેશન, કામરેજ, કડોદરા બસસ્ટેશન તેમજ નિગમના તમામ બસસ્ટેશનો ઉપરાંત એસટી દ્વારા નિમાયેલા બુકીંગ એજન્ટો, મોબાઈલ એપ તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી પણ ઓનલાઈન ટીકીંગ બુકીંગ કરી શકાશે.

# કુપોષણ મુકત ગુજરાત અભિયાનનુ સુરસુરીયું : કોંગ્રેસ નેતા અમિત ચાવડાના પ્રહારો : કેગ ના અહેવાલમાં ધડાકો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને ધારાસભ્ય અમિત ચાવડાએ ગુજરાતના વિકાસ મોડલ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ગુજરાતના સ્થાપના દિવસથી જ રાજય વિકાસમાં અગ્રેસર રહ્યુ હોવા છતાં આજે પણ રાજય પર કુપોષણનુ લાંછન હોવાનો આક્રોશ તેમણે વ્યકત કર્યો હતો. તેમણે ભાજપના છેલ્લા ૩ દાયકાના શાસનકાળ દરમિયાન કુપોષણની સમસ્યા યથાવત રહેવા બદલ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.




ચાવડાએ વધુમાં જણાવ્યુ હતુ કે કેગના અહેવાલ માં પણ ગુજરાતમાં કુપોષણની સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યકત કરવામાં આવી છે. તેમણે આક્ષેપ કર્યો કે કહેવાતા મોદી મોડલના ગુજરાતમાં પ્રજાના ટેક્ષના કરોડો રૂપીયાના ખર્ચ પછી પણ કુપોષણની સમસ્યા આજે પણ યથાવત છે. તેમના મતે ભાજપના ૩ દાયકાના શાસન દરમિયાન ગુજરાત પર આ સૌથી મોટુ લાંછન છે. આંકડા ટાંકીને તેમણે કહ્યુ કે આખા દેશમાં કુપોષીત જિલ્લાઓની યાદીમાં કુલ ૧૦ પૈકી ૫ જિલ્લા એકલા ગુજરાતના છે. ખાસ કરીને આદિવાસી જિલ્લાઓમાં કરોડો રૂપીયાના ખર્ચ છતાં કુપોષણનુ ઉંચુ પ્રમાણ જોવા મળે છે. જે સરકારી યોજનાઓની નિષ્ફળતા દર્શાવે છે. ચાવડાએ કુપોષણ સામેની લડાઈના મુખ્ય કેન્દ્રો એવા આંગણવાડીઓની સ્થિતિ પર પણ ધ્યાન દોર્યુ, તેમણે આરોપ લગાવ્યો કે ગુજરાતની વસ્તીના પ્રમાણમાં રાજય પાસે પુરતા આંગણવાડી કેન્દ્રો નથી. જે કેન્દ્રો છે તેમાંથી અનેક ભાડાના મકાનમાં ચાલે છે અને ત્યાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે, અનેક આંગણવાડી કેન્દ્રો જર્જરીત હાલતમાં છે જયાં લાઈટ, પાણી કે ટોઈલેટ ની વ્યવસ્થા પણ નથી. સરકાર ખરીદીઓમાં ભ્રષ્ટાચાર કરવામાં મસ્ત છે, જયારે આંગણવાડી જેવી આવશ્યક સુવિધાઓ પુરી પાડવામાં નિષ્ફળ રહી છે.

તેમણે કટાક્ષમાં કહ્યુ કે ભાજપના મળતીયા અને અધિકારીઓ કયારેય કુપોષીત થતા નથી, કુપોષણનો ભોગ માત્ર ગરીબ અને સામાન્ય પ્રજા જ બને છે. ચાવડાએ આંગણવાડી કાર્યકરો (બહેનો) ના મુદ્દે પણ સરકારની આલોચના કરી તેમણે કહ્યુ કે જયારે ભીડ ભેગી કરવાની હોય કે અન્ય કામ હોય, ત્યારે સરકાર આંગણાવાડીની બહેનોનો ઉપયોગ કરે છે, પરંતુ તેમના હિતની વાત આવે ત્યારે સરકાર ગંભીરતા દાખવતી નથી. તેમણે ઉમેર્યુ કે હાઈકોર્ટે આદેશ આપ્યો હોવા છતાં પણ સરકાર આંગણવાડી બહેનોને પુરતો પગાર આપવામાં ગંભીર નથી. તેમને કાયમી કરવામાં આવતી નથી અને તેમનો પગાર પણ પુરતો મળતો નથી. કોંગ્રેસે ૩ માંગણીઓ કરી હતી જેમાં (૧) આંગણવાડી બહેનોને પુરતો પગાર આપવામાં આવે અને તેમના પ્રશ્નોનુ નિરાકરણ લાવવામાં આવે (૨) રાજયની વસ્તીના પ્રમાણમાં નવા આંગણવાડી કેન્દ્રો તાત્કાલીક બનાવવામાં આવે અને હાલના જર્જરીત કેન્દ્રોને સુવિધાયુકત બનાવવામાં આવે (૩) ૨૦ ટકા બાળકો હજુ પણ યોજનાનો લાભ લઈ શકતા નથી, સરકારે આ બાળકોનો સર્વે કરીને તેમને પોષણ યોજનાઓનો તાત્કાલીક લાભ મળે તે સુનિશ્ચિત કરવુ જોઈએ. ચાવડાએ ભાર પૂર્વક જણાવ્યુ હતુ કે જો ગુજરાતને કુપોષણના લાંછનમાંથી મુકત કરવુ હોય તો સરકારે માત્ર વાતો કરવાને બદલે જમીનીસ્તરે નકકર કામગીરી કરવી પડશે.

# અમદાવાદના જુહાપુરામાં અસલી વકીલે જ કર્યો નકલી ઓર્ડરનો ખેલ : જન્મ મરણના દાખલા સાથે ચેડાં કરી બનાવ્યો બનાવટી હુકમ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

દાદાની સરકારમાં નકલી ની બોલબાલા વધી રહી છે, નકલી પોલીસ, નકલી જજ અને નકલી કલેકટરના કિસ્સાઓ અવાર નવાર બહાર આવી રહ્યા છે. જો કે અમદાવાદના જુહાપુરામાં એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે જયાં એક અસલી વકીલે જ પૈસાની લાલચમાં નકલી ઓર્ડર(બનાવટી હુકમ) પાસ કરવાનુ મોટુ કારસ્તાન કર્યુ છે. આ કાયદાના ભંગ કરનારને કાયદો કયારેય બક્ષતો નથી અને એટલે જ બોગસ બનાવટી ઓર્ડર બનાવવાની દોડધામ કરનાર વકીલ



પોતે જ હવે જેલના સળીયા પાછળ ધકેલાયો છે. આ કૌભાંડ બહાર આવ્યા બાદ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જે દર્શાવે છે કે કાયદાનો ભંગ કરનાર ગમે તેટલો મોટો હોય તેને સજા થાય જ છે. અમદાવાદના જુહાપુરામાં રહેતા મોહંમદ ઈકબાલમીયા સાજીદ નામના અસલી વકીલના આ નકલી હુકમના કાંડમાં કુલ ૩ આરોપીઓ સંડોવાયેલા છે. (૧) મોહંમદ ઈકબાલમીયા રશીદ (૨) હરીકૃષ્ણ પરમાર (જેણે મરણનો દાખલો બોગસ ખોટી રીતે પોતાના નામે કરાવ્યો હતો ) (૩) રજનીકાંત નામના આરોપીઓએ મળીને આખુ કૌભાંડ કર્યુ હોવાનુ બહાર આવ્યુ છે. વકીલે હરીકૃષ્ણ પરમારને માતાના જન્મ મરણના દાખલા સાથે ચેડાં કરીને નકલી હુકમ બનાવ્યો હતો. આ તમામ દસ્તાવેજો જયારે કોર્પોરેશનમાં રજુ થયા ત્યારે આ કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને કોર્પોરેશન દ્વારા જ વકીલ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે. અસલી વકીલના આ બોગસ ખોટા હુકમના કૌભાંડને પગલે અન્ય લોકોને પણ પોલીસે જવાબદાર ઠેરવ્યા છે. પોલીસે આરોપીઓના મોબાઈલ ફોન અને જરૂરી ડોકયુમેન્ટ જમા કરીને સઘન તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ વકીલે ડીઝીટલ પ્લેટફોર્મનો કઈ રીતે દુરુપયોગ કર્યો છે અને શું તેણે અગાઉ પણ અન્ય લોકો પાસેથી પૈસા પડાવ્યા છે કે કેમ ? કાયદાના રખેવાળ દ્વારા જ આચરવામાં આવેલુ આ કૌભાંડ સમાજમાં કાયદા પ્રત્યેની વિશ્વસનીયતા પર સવાલ ઉભા કરે છે. પરંતુ પોલીસની ત્વરીત કાર્યવાહી દર્શાવે છે કે કાયદો ગમે તે સંજોગોમાં પોતાનુ કામ કરે છે.

## સ્વચ્છતાને જીવનનો ભાગ બનાવવા તેમજ આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા અપીલ કરતા ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એક દિવસ એક કલાક એક સાથે સ્વચ્છતા માટે શ્રમદાન અંતર્ગત જિલ્લા પ્રભારી અને ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં સ્વચ્છતા માટે શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૧૪ થી ભારતને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરવામાં આવી છે. જેની ૧૧ વરસની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ ને સ્વચ્છોત્સવ તરીકે ઉજવવાનુ નકકી કરવામાં આવ્યુ છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સ્વચ્છોત્સવ વડાપ્રધાનના જન્મ દિવસ તા. ૧૭ સપ્ટેમ્બર થી શરૂ થયુ છે. જે રાજયમાં ૩૧ ઓકટોબર સુધી ચાલશે. આમ જિલ્લામાં ઝુંબેશ સ્વરૂપે સફાઈ અભિયાન ચાલી રહ્યુ છે. વડાપ્રધાનએ પોતે હાથમાં ઝાડુ લઈને દેશને સ્વચ્છતાનો સંદેશ આપ્યો છે. ત્યારે આપણે સૌ આ સ્વચ્છતાના મહાઅભિયાનમાં જોડાઈ આપણા આસપાસના વિસ્તારોને ગલી, મહોલ્લા વગેરેને સાફ રાખી દેશને સ્વચ્છ બનાવવા સહભાગી બનીએ, સ્વચ્છતાને જીવનનો ભાગ બનાવવા તેમજ આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા , એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવા તેમજ પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા ઉપસ્થિતોને અપીલ કરી હતી.



# ગુજરાતમાં આગામી તા. ૨૭-૨૮ સપ્ટેમ્બરે આવશે વાવાઝોડુ : પાણીમાં જશે ગરબાના પાસના પૈસા

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેલૈયાઓ માટે આગામી વાવાઝોડુ નવરાત્રી બગાડી શકે છે, ગરબા રસીકોના પાસના પૈસા જઈ શકે છે પાણીમાં, ગરબા આયોજકોને પણ થઈ શકે છે લાખો રૂપીયાનુ નુકશાન કારણ કે વાતાવરણ ખેલૈયાઓ અને આયોજકો બંનેની તરફેણમાં નથી,



હવામાન વિભાગ દ્વારા આ અંગે મહત્વની આગાહી કરવામાં આવી છે જેમાં ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અગાઉ અંબાલાલ પટેલે પણ નવરાત્રી દરમિયાન રાજયના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી હતી.

હવામાન વિભાગે ગુજરાત માટે ૨૭ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી જાહેર કરી છે. આ સમયગાળામાં રાજયના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડાની અસર પણ જોવા મળી શકે છે, ખાસ કરીને તા. ૨૭ અને ૨૮ સપ્ટેમ્બર ના રોજ પવનની ગતિ ૩૦ થી ૪૦ કિ.મી. કલાક જેટલી રહેવાની સંભાવના છે. જયારે દક્ષિણ ગુજરાતના દરીયાકાંઠે પવનની તીવ્રતા ૬૦ કિ.મી. કલાક સુધી ની જઈ શકે છે. સૌરાષ્ટ્ર માટે યલો એલર્ટ હવામાન વિભાગે સૌરાષ્ટ્ર માટે ચેતવણી આપી છે. ૩૦ સપ્ટેમ્બરે સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભારે વરસાદ થવાની શકયતા છે. જેના પગલે યલો એલર્ટ જાહેર કરાયુ છે. આગામી તા. ૨૭ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન સમગ્ર રાજયમાં વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શકયતા પણ દર્શાવવામાં આવી છે. દરીયાકાંઠાના વિસ્તારોમાં એલર્ટ જાહેર કરાયુ છે. હાલમાં માછીમારો માટે કોઈ તાત્કાલીક ચેતવણી જાહેર નથી પરંતુ ૨૭ સપ્ટેમ્બર થી દક્ષિણ ગુજરાતના દરીયાકાંઠે એલર્ટ આપવામાં આવ્યુ છે.

દરીયાકાંઠા વિસ્તારોમાં પવન સાથે ઉંચી લહેરો આવવાની સંભાવના હોવાથી લોકોને સાવચેતી રાખવા સલાહ આપવામાં આવી છે. તાપમાન સ્થિત આજના દિવસ માટે અમદાવાદમાં મહત્તમ તાપમાન લગભગ ૩૪ સેન્ટીગ્રેડ અને ગાંધીનગરમાં ૩૩ સેન્ટીગ્રેડ રહેવાની શકયતા છે. વેધર સિસ્ટમ હવામાન વિભાગના અનુમાન મુજબ મહારાષ્ટ્રના મધ્ય ભાગોમાં એક સાયકલોનીક સરકયુલેશન સક્રિય છે. જયારે મ્યાનમારના દરીયાકાંઠે ૨૫ મી સપ્ટેમ્બર થી લો પ્રેશર એરીયા વિકસાવવાની સંભાવના છે. આ સિસ્ટમ પશ્ચિમ દિશામાં ખસી શકે છે. જેના કારણે ગુજરાતમાં વરસાદી સ્થિતિ વધુ સક્રિય બની શકે છે. ખેડુત મિત્રો અને દરીયાકાંઠાના રહેવાસીઓને હવામાન વિભાગની સતત અપડેટ મેળવવાની અને સ્થાનિક વહિવટી તંત્રની સુચનાઓનુ પાલન કરવાની અપીલ કરાઈ છે.

# સાયકો કીલર વિપુલ પરમારનુ પોસ્ટમોર્ટમ કરાયું: પોલીસ માનવ અધિકાર આયોગને રીપોર્ટ સોંપશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર નજીકના અંબાપુર નર્મદા કેનાલ પાસે થયેલા લુંટ વિથ મર્ડર કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના હાથે ઝડપાયેલા આરોપીનુ ગઈ કાલે સાંજે ગાંધીનગર પોલીસના હાથે એન્કાઉન્ટર થયુ હતું. આ શખ્સની ધરપકડ બાદ ગાંધીનગર એલસીબીની ટીમ ઘટનાસ્થળનુ રીકન્સ્ટ્રકશન અને પંચનામુ કરવા માટે તેને નર્મદા કેનાલ લઈ ગઈ હતી ત્યારે તેણે ગાડીમાં બેઠેલા પીએસઆઈનુ હથિયાર ઝુંટવી પોલીસ પર ફાયરીંગ કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. સ્વબચાવમાં પોલીસે કરેલા ફાયરીંગમાં તેનુ ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું.




આજે ગુરૂવારે સાયકો કીલર વિપુલ પરમારનુ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યુ હતુ, તેને ગોળી કયાં કયાં વાગી તે માટે એકસ-રે મશીન લઈ જવામાં આવ્યુ હતુ, તેના શરીર પર રહેલા નિશાન ગોળીના છે કે અન્ય છે તેની તપાસ માટે એકસ રે કરવામાં આવ્યો હતો. તો બીજી તરફ પોલીસે ઘટનાસ્થળે જઈને પંચનામાની કાર્યવાહી કરી હતી. પોલીસે એફએસએલની ટીમને સાથે રાખીને પંચનામુ કર્યુ હતું. પોસ્ટમોર્ટમની વિગતો પ્રમાણે આરોપીને છાતી, હાથ અને મુત્રાશયના ભાગે ૭ ગોળી વાગી હતી. સાયકો કીલરના એન્કાઉન્ટરમાં થયેલા મોત અંગેનો રીપોર્ટ માનવ અધિકાર આયોગને સોંપવામાં આવશે. ગાંધીનગર પોલીસ માનવ અધિકાર આયોગને સમગ્ર ઘટના અંગેનો રીપોર્ટ સોંપશે. નિયમ પ્રમાણે ઘટનાના ૨૪ કલાકમાં રીપોર્ટ કરવાનો હોય છે. આ રીપોર્ટ રાજય અને રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને મોકલવામાં આવશે. આરોપીના પરીવારે તેની બોડી સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. જેથી હવે નિયમ મુજબ તેની બોડી કોલ્ડસ્ટોરેજ રાખવામાં આવશે.

# નકલી આઈપીએસ અને સુપ્રિમ કોર્ટના જજ બનીને ગઠીયાઓએ નિવૃત્ત શિક્ષણ પાસેથી ઓનલાઈન સ્કેમમાં રૂ. ૩૮ લાખ થી વધુ સેરવી લીધા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના નિવૃત્ત શિક્ષણ મહેશભાઈ હિરાલાલ પરમાર સાથે એક જટીલ ઓનલાઈન સ્કેમમાં ૩૮,૭૦,૦૦૦ લાખ ની છેતરપીંડી કરવામાં આવી છે. આ ઘટના ૧૨ સપ્ટેમ્બર થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન બની હતી અને તેમાં ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીયા, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ તરીકે ઢોંગ કરતા વ્યકિતઓ દ્વારા ધમકી અને વિડીયો કોલ દ્વારા છેતરપીંડી આચરવામાં આવી હતી. મહેશભાઈ પરમાર (ઉ.વ.૫૯) નિવૃત્ત શિક્ષક છે તેઓને ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ એક વ્યકિતનો ફોન આવ્યો હતો, જેણે પોતાની ઓળખ અજય મહેતા તરીકે આપી હતી, જે ટીઆરએઆઈ અધિકારી હોવાનો દાવો કર્યો હતો. કોલ કરનારે દાવો કર્યો હતો કે એક સીમકાર્ડ પરમારના નામે રજીસ્ટર થયેલુ છે અને તે પોનોગ્રાફી અને અશ્વલીલ વિડીયો સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે જોડાયેલુ છે. આ નકલી ટીઆરએઆઈ અધિકારીએ પછી કોલને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના આઈપીએસ અધિકારી તરીકે ઢોંગ કરનાર સંદિપ રોય સાથે જોડયો, રોયે મહેશભાઈને એફઆઈઆરની ધમકી આપી અને જણાવ્યુ કે તેમનુ આધારકાર્ડ નરેશ ગોયલ નામના વ્યકિતના મનીલોન્ડરિંગ કેસ સાથે જોડાયેલુ છે. ધરપકડ થી બચવા




માટે તેમણે તેમની તપાસમાં સહકાર આપવાનુ કહેવામાં આવ્યુ હતું.

આ ઠગબાજોએ પરમાર અને તેમના પરીવાર સાથે સતત વિડીયોકોલ દ્વારા સંપર્ક જાળવી રાખ્યો હતો. જેમાં તેઓ અન્ય એકઆઈપીએસ અધિકારી વિજય ખન્ના સહિત વિવિધ અધિકારીઓ તરીકે ઢોંગ કરતા હતા. તેઓએ પરીવારને ઘરમાં જ રહેવા દબાણ કર્યુ અને તેમની પાસેથી બેંક બેલેન્સ, ફીકસ ડીપોઝીટ અને તેમના સોનાના અને ચાંદીના દાગીના તેમજ વાહનોની વિગતો સહિતની અંગત અને નાણાંકીય માહિતી માંગી, સ્કેમર્સે પરીવારને સ્નેપચેટ, ઈન્સ્ટાગ્રામ અને ટેલીગ્રામ જેવી સોશીયલ મીડીયા પર એપ્સ પણ અનઈન્સ્ટોલ કરવા કહ્યુ અને ધમકી આપી કે તેમના લોકેશન ટ્રેસ થઈ રહ્યા છે. આરોપીઓએ ત્યારબાદ એક નકલી કોર્ટ કાર્યવાહીનો વિડીયો કોલ પર ઢોંગ કર્યો, જયાં એક ન્યાયાધીશ તરીકે ઢોંગ કરનાર વ્યકિતએ પરમારને જણાવ્યુ કે તેઓ એક અઠવાડીયા માટે ક્રાઈમ બ્રાન્ચની દેખરેખ હેઠળ રહેશે. ઠગબાજોએ પરમારને નિર્દોશ સાબિત કરવા માટે બે વિકલ્પો આપ્યા હતા. મુંબઈ આવીને રૂબરૂ તપાસ કરાવવી અથવા ઘરેથી ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરવુ, દબાણ હેઠળ પરમારે ઓનલાઈન વિકલ્પ પસંદ કર્યો, કુલ મળીને નિવૃત્ત શિક્ષકને ૩૮,૭૦,૦૦૦ લાખ ટ્રાન્સફર કરવા માટે દબાણ કરવામાં આવ્યુ હતું. અમદાવાદના નિવૃત્ત શિક્ષણ મહેશભાઈ હીરાલાલ પરમાર સાથે એક જટીલ ઓનલાઈન સ્કેમમાં રૂપીયા ૩૮,૭૦,૦૦૦ લાખ ની છેતરપીંડી કરવામાં આવી હતી. આ ઘટના ૧૨ સપ્ટેમ્બર થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન બની હતી અને તેમાં ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીયા, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ તરીકે ઢોંગ કરતા વ્યકિતઓ દ્વારા ધમકી અને વિડીયો કોલ દ્વારા છેતરપીંડી આચરવામાં આવી હતી.